"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.

તા: ૧૩/૦૯/૨૦૧૮
સુરત

તંત્રી શ્રી, ____________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## સુરતમાંથી ૧૯માં હૃદયનું દાન.

## લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ મિહિર ભારતભાઈ પટેલના પરિવારે મિહિરના હૃદય, કિડની, લિવર, અને ચક્ષુઓનું દાન કરી ૬ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

### સુરત થી નવી દિલ્હીનું ૧૧૫૮ કિ. મી નું અંતર ૧૭૭ મીનીટમાં કાપીને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં નોઇડા ઉત્તરપ્રદેશના રહેવાસી ગોવિંદ મહેરા ઉ.વ ૩૨ માં કરવામાં આવ્યું.

નામ: મિહિર ભરતભાઈ પટેલ ઉ. વ. ૧૮ બ્લડ ગ્રુપ: A+ve

મોરાભાગળ હજીરા રોડ ઉપર આવેલ ITI માં ડીઝલ મીકેનીકલના બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો હતો.

રહેવાસી : પ્લોટ નંબર ૧૩૪, ઓમશ્રી સાંઈ જલારામ નગર, કાશીનગર સામે, ઉધના, સુરત.

મૂળ રહેવાસી : ગામ: બાજરડા, તાલુકો: ધંધુકા, જિલ્લો: અમદાવાદ.

કૌટુંબિક વિગત : પિતા: ભરતભાઈ જીવાભાઈ પટેલ ઉ.વ. ૪૨

રેતી-કપચીના વ્યવસાય સાથે સંકળાયેલ છે.

માતા: કોકીલાબેન ભરતભાઈ પટેલ ઉ.વ. ૪૨

બહેન: કાજલ ભરતભાઈ પટેલ ઉ.વ. ૨૦

માંગરોળમાં આવેલ શ્રી ઓધવરામ ફિઝીયોથેરાપી કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ.

૨...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




<u>બનાવની વિગત:</u>

સોમવાર તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ મિહિર સાંજે ૪:૩૦ કલાકે પરીક્ષા આપીને કોલેજ થી બાઈક ઉપર ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે હજીરા રોડ ઉપર રિલાયન્સ પેટ્રોલપંપ પાસે એક ડમ્પર ચાલકે ઓવરટેક કરવા જતા બાઈકને ટક્કર લાગતા મિહિર બાઈક ઉપરથી નીચે પડી ગયો હતો અને માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયો હતો. તેને તાત્કાલિક સનસાઇન ગ્લોબલ હોસ્પિટલમાં ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અનુજ ક્લાર્કની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. નિદાન માટે CT સ્કેન કરાવતા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું તેમજ મગજમાં સોજો હોવાનું નિદાન થયું હતું

બુધવાર તા.૧૨ સપ્ટેમ્બરના રોજ ન્યુરો સર્જન ડૉ. આશિત દેસાઈ, ન્યુરોફીજીશિયન ડૉ. રવિ વૈતયાની, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અનુજ ક્લાર્ક અને ડૉ. કુણાલ પટેલે મિહિરને બ્રેનડેડ જાહેર કર્યો.

ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અનુજ ક્લાર્કે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી મિહિરના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ડૉ. અનુજ ક્લાર્ક સાથે રહી મિહિરના પિતાશ્રી ભરતભાઈ, માતૃશ્રી કોકિલાબેન, બહેન કાજલ, કાકા રમણીકભાઈ, રાજુભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી તેનું મહત્વ સમજાવ્યું.

મિહિરના પિતાશ્રી ભરતભાઈ અને માતૃશ્રી કોકિલાબેને જણાવ્યું કે ઓર્ગન નિષ્ફળતાની પીડા શું હોય છે તે અમે ખુબ સારી રીતે સમજીએ છીએ. તેમણે જણાવ્યું કે મારા નાના ભાઈ અશ્વિનની કિડની ૧૯૯૯માં ખરાબ થઇ ગઈ હતી અને તે ડાયાલીસીસ પર હતો. મારા પિતાશ્રી જીવાભાઇએ તેમની એક કિડની મારા ભાઈને આપી હતી. મારા ભાઈને નવેમ્બર ૨૦૧૧માં લીવરનું કેન્સર થવાથી તેનું મૃત્યુ થયું હતું. આજે જયારે અમારો દીકરો બ્રેનડેડ થયો છે અને તેનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેના અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન આપવા માટે આપ આગળ વધો. વધુમાં તેઓએ જણાવ્યું કે આજે અમે અમારો દીકરો ગુમાવ્યો છે. પરંતુ તેના અંગોના દાન થકી અમારો દીકરો બીજા પાંચ-છ વ્યક્તિઓમાં જીવીત રહેશે.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જયારે હૃદયના દાન માટે ગુજરાતની હોસ્પીટલમાં હૃદયના ટ્રાન્સપ્લાન્ટ માટે કોઈપણ દર્દી ના હોવાને કારણે ગુજરાતની ટ્રાન્સપ્લાન્ટ ઓર્થોરાઈઝેશન કમિટીના ચેરમેન ડૉ. પ્રભાકરનો સંપર્ક કર્યો.

3...


**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



ડૉ. પ્રભાકરે ROTTO મુંબઈનો સંપર્ક કર્યો. ROTTO મુંબઈ દ્વારા જુદા જુદા રાજ્યોનો સંપર્ક કરવામાં આવ્યો પરંતુ ત્યાં કોઈ દર્દી ન હોવાને કારણે દિલ્હીમાં NOTTOનો સંપર્ક કરવામાં આવ્યો. NOTTO દ્વારા હૃદય નવી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલને આપવામાં આવ્યું.

નવી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલના ડૉ. મિલિન્દ હોટે એ સુરત આવી હૃદયનું દાન સ્વીકાર્યું. જયારે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ.વિકાસ પટેલ અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

સુરતની સનસાઇન ગ્લોબલ હોસ્પિટલ થી નવી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલ સુધીનું ૧૧૫૮ કિ. મી નું અંતર ૧૭૭ મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ <u>નોઇડા ઉત્તરપ્રદેશના રહેવાસી ગોવિંદ મહેરા ઉ.વ ૩૨ માં</u> કાર્ડિયાક સર્જન ડૉ. મિલિન્દ હોટે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. ગોવિંદ મહેરાને વર્ષ ૨૦૧૨માં હૃદયનો વાલ્વ બદલવામાં આવ્યો હતો. છેલ્લા બે વર્ષથી તેના હૃદયની પમ્પીગ ક્ષમતા ઘટીને ૧૫% થઇ ગઈ હતી.

છેલ્લા અઢી વર્ષમાં સુરતમાંથી હદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરાવવાની આ ઓગણીસમી ઘટના છે, જેમાંથી તેર હૃદય મુંબઈ, ત્રણ હૃદય અમદાવાદ, એક હૃદય ચેન્નાઈ, એક હૃદય ઇન્દોર અને એક હૃદય નવી દિલ્હી મોકલવામાં આવ્યું છે.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની સુરતના રહેવાસી સંજય મનસુખભાઈ કાનાણી ઉ.વ. ૩૪ અને બીજી કિડની અમદાવાદના રહેવાસી અદનાન સલીમભાઈ અંસારી ઉ. વ. ૧૨માં જયારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટ સુરતના રહેવાસી મંજુલાબેન રમેશભાઈ હરસોડા ઉ. વ. ૫૦માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડો. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં મિહિરના પિતાશ્રી ભરતભાઈ, માતૃશ્રી કોકિલાબેન, બહેન કાજલ, કાકા રમણીકભાઈ, રાજુભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યો, ન્યુરો સર્જન ડૉ. આશિત દેસાઈ, ન્યુરોફીજીશિયન ડૉ. રવિ વૈતયાની, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અનુજ ક્લાર્ક, ડૉ. કૃણાલ પટેલ, સનસાઇન ગ્લોબલ હોસ્પિટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નિરવ માંડલેવાલા, રમેશભાઈ વઘાસિયા, ડેનીશ ચોવાલા, અંકિત પટેલ, ડેનીસ સતાસિયા, મયુર પામક, ભાવિન કોલડીયા, હેત દેસાઈ, પ્રોગ્રામ ઓફિસર સુભાષ જોધાણી અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

૪...

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૭૭ કિડની, ૧૧૩ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૯ હૃદય અને ૨૨૮ ચક્ષુઓના દાન મેળવીને ૬૪૦ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

સનસાઇન ગ્લોબલ હોસ્પિટલ થી સુરત એરપોર્ટ સુધીનો માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીનો સહકાર સાંપડ્યો હતો.

<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ:</u>

૧. મળસ્કે ૦૪:૧૫ કલાકે બ્રેનડેડ મિહિર ભરતભાઈ પટેલને ડોકટરો દ્વારા ઓપરેશન થીયેટર માં શીફટ કરવામાં આવ્યા.

૨. સવારે ૦૭:૩૦ કલાકે નવી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલના ડૉ. મિલિન્દ હોટે એ હૃદયનું દાન સ્વીકારી સનસાઇન ગ્લોબલ હોસ્પિટલ થી સુરત એરપોર્ટ જવા રવાના થયા.

૩. સવારે ૦૭:૩૭ કલાકે નવી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલની ટીમ સુરત એરપોર્ટ પહોચી.

૪. સવારે ૦૮:૦૫ કલાકે સુરત એરપોર્ટથી સ્પાઇસ જેટ ના વિમાનમાં નવી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલની ટીમ હૃદય લઇ નવી દિલ્હી જવા રવાના થયા.

૫. સવારે ૦૯:૫૬ કલાકે નવી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલની ટીમ નવી દિલ્હી એરપોર્ટ પહોચી.

૬. સવારે ૧૦:૦૧ કલાકે નવી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલની ટીમ નવી દિલ્હી એરપોર્ટ થી હોસ્પીટલ જવા રવાના થઈ.

૭. સવારે ૧૦:૨૦ કલાકે નવી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલની ટીમ ઓપરેશન થીયેટર દાખલ થઈ અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ નોઇડા ઉત્તરપ્રદેશના રહેવાસી ગોવિંદ મહેરા ઉ.વ ૩૨ માં કાર્ડિયાક સર્જન ડૉ. મિલિન્દ હોટે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.


**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626


**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**